૨૫ સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ





# પાદુકા પૂજન

વિશ્વભરમાં આશરે ૧૦,૦૦૦થી વધુ ધર્મ છે પણ મોટાભાગના લોકો માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલા જ ધર્મને અનુસરે છે. હિન્દુ, ખ્રિસ્તી, ઈસ્લામ, બૌદ્ધ, જૈન અને શીખ સાથે આદિવાસીઓના ધર્મ, યહુદી, બહાઈ, શિન્ટો, પારસી અને તાઓવાદ (કન્ફ્યુશિયસવાદ) જેવા માંડ ૧૨-૧૩ જેટલા ધર્મને અનુસરતા જ લોકોની અધિક સંખ્યા છે. જો કે દરેક ધર્મની સાથે હિન્દુધર્મમાં પણ છેલ્લાં 200-250 વર્ષ દરમ્યાન અનેક નવા ધર્મ અને સંપ્રદાયો પ્રગટ થયા છે અને એ દરેક ધર્મના અનુયાયીઓની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા મુજબની પાઠ-પૂજા, બંદગી, પ્રાર્થના સ્વાભાવિક જ અલગ-અલગ હોય શકે પણ એક બાબત અહીં ચોક્કસ નોંધવી પડે કે વિશ્વનો કોઈ પણ ધર્મ હોય તેની પાઠ-પૂજા, બંદગી, પ્રાર્થના જેવા ઈશ્વરની નિકટતા પામવાના પ્રકાર મર્યાદિત સંખ્યામાં હશે પણ હિન્દુધર્મ એટલે કે પૌરાણિક સનાતન ધર્મ ઈશ્વરની કૃપા પામવાના, પાઠ-પૂજા કે પ્રાર્થનાના પ્રકારમાં સૌથી સમૃદ્ધ છે મતલબ કે અગણિત પ્રક્રિયા અને પ્રકાર આપણાં ધર્મશાસ્ત્રોમાં દર્શાવ્યાં છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચના, વંદન-નમસ્કાર, દાસ્ય-દાસભાવ, સખ્યમ-મિત્રભાવ અને આત્મનિવેદન જેવી નવધા ભક્તિના નવ પ્રકાર સાથે પાઠ-પૂજા, ધ્યાન, યોગ, હવન-યજ્ઞાદિ જેવા તો અનેક પ્રકારો શાસ્ત્રોમાં ખૂબ વિગતે દર્શાવ્યા છે. નવધાભક્તિમાં એક પ્રકાર છે પાદસેવનમ્ એટલે કે ચરણપૂજા, અહીં ચરણપૂજાને સ્પર્શતા ‘પાદુકા પૂજન’ પ્રકારને તલસ્પર્શી થોડી વાતો કરવી છે, સનાતન ધર્મમાં પાદુકાપૂજન પ્રકારનું ઘણું મહત્ત્વ રહેલું છે. ચરણપાદુકાની વાત આવે ત્યારે રામાયણનો એ પ્રસંગ જરૂર યાદ આવે જ્યારે રામ વનવાસ ગયા ત્યારે પાછળથી ભાઈ ભરત તેમને પરત લેવા માટે જાય છે પણ રઘુકુળના વચનબદ્ધ શ્રીરામ પરત નથી આવતા ત્યારે ભરત તેની ચરણપાદુકા માંગી લે છે અને અયોધ્યા પાસેના નંદીગ્રામ ખાતે રાજસિંહાસન પર પાદુકાનું સ્થાપન કરી પ્રતીકરૂપે રાજગાદી શ્રીરામને જ સોંપે છે અને પોતે કુટીરમાં વસવાટ કરે છે. રાજ્યનો વહીવટ ભરત શ્રીરામની પાદુકાના નેજા હેઠળ સેવક બની સંભાળે છે, ભ્રાતૃપ્રેમની એ અમરગાથાનું પ્રતીક શ્રીરામની ચરણપાદુકા બની હતી. અત્યારે અયોધ્યામાં રામજન્મભૂમિ પર નવનિર્મિત રામમંદિરમાં શ્રીરામ અને ભરતની એ અમરગાથાના પ્રતીકરૂપે ચરણપાદુકા પણ અહીં આપણા રામભક્તોના દર્શનાર્થે મુકાઈ છે. આ ચરણપાદુકા હૈદરાબાદના શાસ્ત્રી શ્રી ચલ્લા શ્રી નિવાસ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ૧ કિલો સોનું અને ૭ કિલો ચાંદીની કિંમતી રત્નોથી સજાવેલ ચરણપાદુકા અયોધ્યામાં સમર્પિત કરવા પહેલાં દેશનાં મોટાં શહેરોમાં જાણીતાં મોટાં મંદિરોમા લાકોના દર્શનાર્થે લઈ જઈને ૪૧ દિવસની યાત્રા કરી હતી.



પાદુકા એ માત્ર ધાતુની કે લાકડાની બનેલ વસ્તુ માત્ર નથી. શ્રદ્ધાળુઓ માટે સાક્ષાત ભગવાનની કે ગુરુ, સંતોની સાક્ષાત પ્રત્યક્ષતાનું પ્રતીક છે. મંદિરોમાં કે પૂજાઘરમાં રોજ પૂજાતી ચરણપાદુકામાં ભગવાનની સદ્‌ગુરુની સૂક્ષ્મ હાજરી અને દૈવી શક્તિ વિદ્યમાન હોય છે. સદ્‌ગુરુ કે સંતોની પાદુકાઓ માટે તો એવું કહેવાય છે કે તેઓ સદા વિચરણ કરીને ભારતભરનાં તીર્થધામોમાં દર્શનાર્થે ફરતા હોય છે. ભલે તીર્થધામની બહાર પાદુકા મૂકીને અંદર જતા હોય પણ આવાં તીર્થધામોની પાવન પાવત્ર ભૂમિ સુધી સાથે પગમાં રહેલી પાદુકામાં અનંત ઊર્જાઓ ગ્રહણ થયેલી હોય છે તેથી આવી પાદુકાનું પૂજન કરીએ તો ઊર્જાઓનો પરોક્ષ સ્પર્શ જીવનમાં સકારાત્મકતા લાવે છે. દેવ-દેવીઓની પૂજા કરેલી પાદુકા પણ તમે જ્યારે ઘરના, ઓફિસના કે વ્યવસાય સ્થળના પૂજાઘરમાં રાખી રોજ પૂજા કરો છો ત્યારે અદ્રશ્ય શક્તિ અને ઊર્જાની અસરથી નકારાત્મક ઊર્જા અને વાસ્તુદોષ દૂર થાય છે. દિવાળીના તહેવારોમાં ખાસ કરીને નાના વેપારીઓ ધંધાના સ્થળે લક્ષ્મીપૂજન સાથે લક્ષ્મીજીની પાદુકાનું પણ પૂજન કરતા હોય છે. પાદુકાના પ્રતીકરૂપે સાથિયા પુરાય ત્યારે લક્ષ્મીજીના પગલાં ચિતરવાની એક પરંપરા છે. જેથી લક્ષ્મીજી ધનસ્વરૂપે કૃપા વરસાવતાં રહે. દત્ત પરંપરામાં પાદુકાપૂજનનું વિશેષ મહત્ત્વ છે. અક્કલકોટના દત્તના ત્રીજા અવતાર મનાતા સ્વામી સમર્થનાં જેટલાં પણ મંદિરો કે સેવાક્ષેત્ર છે ત્યાં અને તેમના અનુયાયીઓના ઘરમાં ભગવાન દત્તાત્રેયની મૂર્તિ કરતાં ચરણપાદુકાનું અધિક મહત્ત્વ છે. ભગવાન શ્રી દત્તાત્રેયના પરમ ભક્ત એવા ગુજરાતના શ્રી રંગ અવધૂતજી મહારાજનું સ્મૃતિમંદિર નારેશ્વરમાં છે. ડિસેમ્બર ૧૯૨૫માં રંગ અવધૂત મહારાજ નારેશ્વર પધાર્યા હતા. એ અગાઉ સતત વિચરણ કરી ધ્યાન અને તપશ્ચર્યા માટેની ઉત્તમ સ્થળની શોધમાં નારેશ્વર પહોંચેલા રંગ અવધૂત મહારાજને નર્મદાકાંઠાની આ ભૂમિની પવિત્રતા અને નીરવ શાંતિ એટલી સ્પર્શી ગઈ કે તેમણે અહીં જ નિવાસ કર્યો હતો. ગઈ સાલ ૨૦૨૫માં રંગઅવધૂતજીના નારેશ્વર આગમનને ૧૦૦ વર્ષ પૂર્ણ થયાં ત્યારે ૧૦૦ જેટલી પાદુકાપૂજનનો અહીં એક ભવ્ય કાર્યક્રમ પણ યોજાયેલ. મંદિરના પૂજારી સર્વદમનભાઈ અહીં પાદુકાપૂજન કરાવે છે પણ જે માટે તમારે અગાઉથી સમય અને તારીખ નક્કી કરવાના હોય છે. વર્ષમાં એક વખત અષાઢી બીજે ભક્તોની શ્રદ્ધા અને ભાવના મુજબ રંગ અવધૂતજીની પાદુકા તેમના ઘર-પ્રાંગણ સુધી લઈ જઈને પાદુકાપૂજનનો લાભ અપાય છે. નારેશ્વરથી અષાઢી બીજે પ્રારંભી આ પાદુકા યાત્રા ભરૂચ, સુરત, નવસારી, વલસાડ સહિત નાનાં ગામોમાં પણ અનુયાયીઓને ઘેર પાદુકા પધરામણીનો લાભ આપે છે.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**



સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ પાદુકાદર્શન અને પૂજનનું ઘણુ મહત્ત્વ રહેલું છે. ભગવાન સ્વામી નારાયણે એમના ભક્તોની ભક્તિ જોઈને તેઓની ઈચ્છાનુસાર પાદુકા પ્રસાદરૂપે આપેલ જે આજે પણ ગઢડા, વડતાલ તથા

> **૧ કિલો સોનું અને ૭ કિલો ચાંદીની કિંમતી રત્નોથી સજાવેલ ચરણપાદુકા અયોધ્યામાં સમર્પિત કરવા પહેલાં દેશનાં મોટાં શહેરોમાં જાણીતાં મોટાં મંદિરોમાં લોકોના દર્શનાર્થે લઈ જઈને ૪૧ દિવસની યાત્રા કરી હતી**

અમદાવાદ જેવાં મુખ્ય મંદિરોમાં સચવાયેલાં છે અને દર્શનાર્થે રખાઈ છે. આ સંપ્રદાયની માન્યતા મુજબ ચરણપાદુકા પૂજન અને દર્શન એ યાચકનો દાસભાવ, સમર્પણ અને અનન્ય ભક્તિનું શ્રેષ્ઠ પ્રતીક છે. સિદ્ધ ગુરુઓ, યોગીઓ કે સંત-મહંતોની ભક્તિ એટલી ઉચ્ચ કોટિની હોય છે કે તેના ચરણોમાં બ્રહ્માંડિય ઊર્જાનો પ્રવાહ સૌથી અધિક હોય છે. આવા મહાપુરુષો તમે અવલોકન કરશો તેમના ચરણસ્પર્શ માટે કોઈ નમે તો પણ આશીર્વાદ આપશે પણ ચરણને સ્પર્શ નહીં કરવા દે. શ્રી આદિ શંકરાચાર્યે તેમના શિષ્ય સનંદય (પદ્મપાદ)ની ગુરુભક્તિથી પ્રસન્ન થઈને ગુરુપાદુકાના મહિમાનું વર્ણન કરતા ‘ગુરુ પાદુકા સ્તોત્ર’ ની રચના કરી હતી. આપણે ત્યાં પૂજાઘરમાં રખાતી ચરણપાદુકા પ્રતીકરૂપે નાની-મોટી સાઈઝમાં સોના-ચાંદી, પંચધાતુ, હાથીદાંતની કે જુદાં જુદાં લાકડામાંથી બનેલી હોય છે. જો કે સાઈઝ અને પાદુકાના પદાર્થ ગૌણ છે, મહત્ત્વનું છે શ્રદ્ધા, ભક્તિ અને સમર્પણ ભાવ... જૈન, બૌદ્ધ અને શીખ ધર્મમાં પણ પાદુકા કે પાદુકાપૂજનનું વિશેષ મહત્ત્વ રહેલું છે. જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરોના ચરણચિહ્નો તેમના દેરાસર કે ધર્મસ્થાનમાં સ્થાપિત કરેલા હોય છે. જૈન લોકો આ દેરાસર કે ધર્મસ્થળોએ જાય ત્યારે મૂર્તિપૂજાની સાથે સ્થાપિત તીર્થંકરોના ચરણચિહ્નોની પણ પૂજા કરતા હોય છે. બૌદ્ધ મંદિરો, મઠોમાં પણ ભગવાન બુદ્ધના ચરણચિહ્નોને ખૂબ પવિત્ર મનાય છે, ત્યાં સ્થાપિત ચરણોમાં ચક્ર અને મંગળ પ્રતીકો અંકિત કરેલા હોય છે. જે ધર્મ અને જ્ઞાનના માર્ગના પ્રતીક છે.



શીખ ધર્મમાં ગુરુનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. આ ધર્મમાં થઈ ગયેલા દસ ગુરુ સાહેબ સાથે જોડાયેલી વસ્તુ પ્રત્યે અપાર શ્રદ્ધા રાખવામાં આવે છે. તેમાં ચરણપાદુકાનો પણ સમાવેશ થાય છે. શીખ ધર્મના ધર્મગ્રંથ ગુરુબાણી (શ્રી ગુરુ ગ્રંથ સાહેબ) માં ગુરુના ચરણોની રજ લેવા પર બહુ વિસ્તારથી લખાયેલું છે. ગુરુના ચરણો કે ચરણપાદુકાની રજ માથે ચઢાવી પૂજન કરવું એટલે ત્યાં ફલિત થાય અહંકારનો ત્યાગ કરી નમ્રતા, ભક્તિ અને સમર્પણની જ ભાવના છે.

ભારતભરમાં કેટલાય પ્રસિદ્ધ ગુરુદ્વારાઓ છે જેનું નામ જ ગુરુદ્વારા ચરણપાદુકા સાહેબ છે. મધ્ય પ્રદેશના બેતવાનું ગુરુદ્વારા શ્રી ચરણપાદુકા સાહેબના નામથી ઓળખાય છે તો ઉત્તર પ્રદેશના નિઝામશાહાદનું ગુરુદ્વારા ચરણપાદુકા સાહેબ છે. અહીં શ્રી ગુરુનાનક દેવજી અને શ્રી ગુરુ તેગ બહાદુરજીની લાકડાની પાદુકાઓ સચવાયેલી છે. ગુજરાતના જુનાગઢમાં આવેલ ગુરુદ્વારાની ઐતિહાસિક સ્મૃતિ સાથે જોડાયેલ છે.

# સંસારી અને સંન્યાસી

આપણે જેને જીવન કહીએ છીએ, તે મૃત્યુના દ્વાર પર ઊભેલી એક કતાર/પંક્તિ છે. કોઈ આજે ગયું, કોઈ કાલે જશે–વાત માત્ર વહેલા કે મોડા જવાની છે. વસંત આવી જ રીતે આવતો રહેશે, પૃથ્વી આવી જ રીતે દુલ્હનની જેમ બની રહેશે, પક્ષી આવી જ રીતે ગીત ગાશે, ફૂલ પણ ખીલશે, સૂરજ પણ ઊગશે, ચંદ્ર અને તારાઓ પણ પોતાની ગતિએ ચાલતા રહેશે. પરંતુ તમે? તમે નહીં હશો. તમે ધૂળમાં મળી ચૂક્યા હશો. શોધવા છતાં તમારું કોઈ નિશાન નહીં મળે. ક્યાંય તમારાં પગલાં પણ નહીં મળે. આપણે છીએ શું? પાણી પર દોરેલી રેખાઓ જેવા છીએ–બની પણ શકતા નથી અને તે પહેલાં જ ભૂંસાઈ જઈએ છીએ. કોઈ સિત્તેર વર્ષ જીવે કે સાતસો વર્ષ–ફરક પડતો નથી, અંતે મૃત્યુ તો ઊભું જ છે, અને અંતે જ્યારે મૃત્યુ એક વિરાટ પ્રશ્નચિહ્ન બનીને ઊભું છે, ત્યારે તમારે જીવનને થોડું વિચારીને જીવવું જોઈએ. એવી રીતે જીવો કે મૃત્યુને જીતી શકો. એવી રીતે જીવો કે મૃત્યુ તમને ભૂંસી ન શકે. એવી રીતે જીવો કે તમારી અંદર કોઈ એવી વસ્તુનો અનુભવ થઈ જાય, જે અમૃત છે–તો તમે ધાર્મિક છો અને જો તમે એવી રીતે જીવ્યા કે જે કંઈ કમાયું તે મૃત્યુ છીનવી ગયું, જે કંઈ બચાવ્યું તે મૃત્યુ લૂંટી ગયું–તો તમે સાંસારિક છો. લોકો મને પૂછે છેઃ સાંસારિક અને સંન્યાસીની વ્યાખ્યા શું છે? સીધી-સાદી વ્યાખ્યા છેઃ સાંસારિક એ છે જેની બધી સંપત્તિ મૃત્યુ છીનવી લેશે અને



મૃત્યુ પછી જેની પાસે કંઈ પણ નહીં બચશે અને સંન્યાસી એ છે કે મૃત્યુ ગમે તેટલું છીનવી લે, પરંતુ જે અસલી છે, જે મૂલ્યવાન છે, તેને મૃત્યુ છીનવી શકશે નહીં. તેણે પોતાના અંતરમાં રહેલા શાશ્વતનો અનુભવ કરી લીધો છે. પરંતુ આપણે બહારની તરફ દોડી રહ્યા છીએ તો અંદરનો અનુભવ કેવી રીતે થાય? આ પ ણે વ્યર્થ વસ્તુઓ એકઠી કરી રહ્યા છીએ. તો સાર્થકની અનુભૂતિ કેવી રીતે થશે? આપણે વ્યર્થતાના પહાડ નીચે દબાતા જઈ રહ્યા છીએ. તેથી જ વિવેકનો જન્મ આપણી અંદર નથી થતો. આપણે વિચારોમાં જ ગૂંચવાયેલા રહી જઈએ છીએ. તો વિવેકને જન્મવાની તક ક્યાંથી મળે? આપણી ઊર્જા વિચારોમાં જ ખોવાઈ જાય છે, કંઈ બચતું જ નથી. તેથી વિવેક આપણા અંતરમાં સુષુપ્ત પડ્યો રહે છે. વિવેકનું જાગરણ જ જીવનનો વાસ્તવિક પ્રારંભ છે, વિવેકનો અર્થ છે–તમારી અંદર ચૈતન્યનો આવિર્ભાવ, એ વાતની પ્રતીતિ કે–“હું કોણ છું?” ઉપનિષદો કહે છે–“જે હું કહું છું, તે હું નથી.” બીજા લોકો જે કહે છે તે પણ હું નથી. તમારો પોતાનો અનુભવ–નિજનો અનુભવ કે ‘હું કોણ છું’–એ જ સત્ય છે. જે દિવસે આ અનુભવ તમારી અંદર દીવા જેવી જ્યોતિ બનીને પ્રગટે છે, તે દિવસે મૃત્યુ પરાજિત થઈ જાય છે. તે દિવસે તમારી વિજયયાત્રા પૂર્ણ થઈ જાય છે. તે દિવસે તમે એવા સિંહાસન પર પહોંચી ગયા છો, જ્યાંથી તમને કોઈ હટાવી શકતું નથી.

**ઓશો વાણી**

> **વિવેકનું જાગરણ જ જીવનનો વાસ્તવિક પ્રારંભ છે, વિવેકનો અર્થ છે–તમારી અંદર ચૈતન્યનો આવિર્ભાવ, એ વાતની પ્રતીતિ કે–“હું કોણ છું?” ઉપનિષદો કહે છે–“જે હું કહું છું, તે હું નથી” બીજા લોકો જે કહે છે તે પણ હું નથી**

ઓશો : ‘ઝરત દસહુ દિસ મોતી’ પુસ્તકમાંથી
સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ || લેખાંક-૮૩

# બ્રહ્માજી દ્વારા કરાયેલ સ્તુતિનો સાર

શ્રીકૃષ્ણને મૂંઝવવા જતાં પોતે જ મૂંઝાઈ ગયેલા બ્રહ્માજીએ સાચી પરિસ્થિતિનું જ્ઞાન થતાં ભગવાનને અનેક વખત પ્રણામ કર્યા પછી અત્યંત સન્માન, વિનય તથા ધ્યાનથી ગળગળી વાણીમાં પ્રભુની સ્તુતિ કરી. પોતાની સ્તુતિ પૂર્ણ કરી, ત્રણ પ્રદક્ષિણા કરી ભગવાનને ચરણસ્પર્શ કરી ફરી પ્રણામ કર્યા. ત્યાર બાદ બ્રહ્મલોકમાં જઈ જે બાળકો અને વાછરડાઓને માયાના શરણમાં સુવડાવ્યાં હતાં, તેમાંથી તેમને જાગ્રત કર્યા અને જે સ્થળેથી તેમનું હરણ કર્યું હતું, તે જ સ્થળે પાછા લાવીને મૂકી દીધાં.

બ્રહ્માજીએ કરેલી આ સ્તુતિને જો ધ્યાનથી સમજીએ તો તે ‘સર્વ ખલ્વિદમ બ્રહ્મ’ એ શ્રુતિ વચનને જ અનુસરે છે. બ્રહ્મસંહિતામાં કહ્યું છે તેમ ‘ભગવાનનું શરીર આધ્યાત્મિક છે’. શ્રી ભગવાનનું શરીર અને ભગવાન પોતે, એ બેમાં કોઈ તફાવત નથી. શ્રીમદ ભાગવત ગીતામાં પણ કહ્યું છે કે, ‘જે કોઈ મનુષ્ય ભગવાનની દિવ્ય લીલાઓ, તેમનો આવિર્ભાવ તથા તિરોધાનના વિષયમાં થોડું પણ સમજી શકે છે, તે આ ભૌતિક શરીરના ત્યાગ પછી શ્રી ભગવાનના ધામમાં પ્રવેશવાનો અધિકારી બની જાય છે’. વેદોમાં પણ આ જ વાતનો ઉલ્લેખ છે કે, ‘ભગવાનને સમજવા માત્રથી જ કોઈ પણ મનુષ્ય જન્મ-મરણના ચક્કરમાંથી છૂટી જાય છે. વેદમાં ભગવાન એવું બોલ્યા છે કે, ‘જીવ મારો પુત્ર છે’. ગીતાજીમાં (૧૫.૭) પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે, ‘ ’ એટલે કે ‘આ ભૌતિક સંસારમાં રહેલો દરેક જીવ મારો જ એક અંશ છે અને તે જ સનાતન, અનાદિ, અવિનાશી છે’. માનવસમાજના ઈતિહાસમાં એવા અનેક દાખલાઓ જોવા મળે છે કે જેમાં હૃદયની શુદ્ધિ, મન, વચન અને કર્મ વડે ભક્તિ, ભગવાનના યશોગુણ, લીલાઓનું શ્રવણ અને કીર્તન કરવા માત્રથી પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગને સમજ્યા વગર ભક્તિમાર્ગના ગુણગાન ગાતા ઘણા વ્યક્તિઓની ભક્તિની વ્યાખ્યા સંસારિક સુખ વગેરે પ્રાપ્ત કરવા માટેની છે. મોક્ષ નહિ પરંતુ ફળ મેળવવાની છે પરંતુ ભક્તિનું ફળ ભોગ અથવા સંસારનું સુખ નથી પરંતુ ભગવાન પોતે છે. ભક્તિનો અર્થ છે ભગવાન સાથે પ્રેમ કરવો.

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

ગીતાજીમાં એ વાતની પુષ્ટિ ભગવાને કરી છે કે, ‘વૈદિક જ્ઞાનનો ઉદ્દેશ્ય પરમાત્માની શોધ છે પરંતુ શુદ્ધ ભક્તિથી ભગવાનની કૃપા સહજ ઉપલબ્ધ થઈ શકે છે’. ભગવાન સર્વવ્યાપક છે. શ્રી ભગવાને સ્વયં ગીતામાં (૧૫.૧૩) કહ્યું છે કે, ‘બધું જ મારા દ્વારા પાલનપોષણ થાય છે, છતાં પણ હું કોઈ વસ્તુમાં નથી’. સર્વવ્યાપક હોવાના કારણે એવી કોઈ વસ્તુ નથી કે જેનાથી પ્રભુ અજાણ હોય માટે સહુથી ઉત્તમ માર્ગ એ જ છે કે મન, વચન અને કર્મથી પરમાત્માનું શરણ કરી લેવામાં આવે. પરમાત્માનું શરણ લઈ તેમની નિરંતર સેવામાં જ જીવન વ્યતીત કરવામાં આવે. વાસ્તવમાં અગાઉ પણ જણાવ્યું તેમ પ્રત્યેક જીવ પરમાત્માનો ભિન્ન અંશ છે. બીજા શબ્દોમાં ફરી કહીએ તો દરેક જીવ પરમાત્માનો પુત્ર છે માટે પ્રત્યેક વ્યક્તિને આ દિવ્ય આનંદનો મૌલિક અધિકાર છે પરંતુ ભૌતિક પદાર્થના સંપર્કમાં આવવાથી જીવ બંધાઈ જાય છે, ખોટો રસ્તો પકડે છે અને આ અધિકાર ગુમાવી દે છે.

વળી આ સ્તુતિમાં બ્રહ્માજીએ ભગવાનને ‘અચ્યુત’ કહીને સંબોધ્યા છે. આનું કારણ છે કે, ‘જીવની સ્મૃતિ હૃદયની અંદર પરમાત્માની ઉપસ્થિતિના કારણે રહે છે. શરીરનું પરિવર્તન થવા છતાં પણ આ કારણે પૂર્વજન્મમાં કરેલી ઈચ્છા પ્રમાણે કર્મો કરવાનું સ્મરણ જીવને થાય છે’.

બ્રહ્માજીએ તેમની સ્તુતિમાં એ પણ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે, ‘શ્રીકૃષ્ણ જ આદિનારાયણ છે’. તેમની સાથે ‘ઉભય’



> **જેને એવું લાગે છે કે ભગવાને મને ઓછું આપ્યું છે તે સંસારની પાછળ પડે છે અને જેને એવું લાગે છે કે મારી લાયકાતથી વધુ મને મળ્યું છે તે જ ભગવાનની ભક્તિ કરી શકે છે. આના માટે પોતાના સ્વરૂપને સમજવું પણ ખૂબ જ જરૂરી છે. જે પોતાના સ્વરૂપને બરાબર સમજે છે, જે અંદરબહાર સર્વત્ર ભગવાનના દર્શન કરે છે, તેને કંઈ પણ માંગવાની ઈચ્છા થતી નથી તેમ જ તેને કોઈ ભય પણ લાગતો નથી**

એ છે કે ભગવાન પોતાના ભક્તો દ્વારા કરવામાં આવેલી નાનામાં નાની સેવાને પણ ભૂલતા નથી. તેઓ પોતાના ભક્તો માટે એટલો દયાળુ અને વાત્સલ્યપૂર્ણ વ્યવહાર કરે છે કે ભક્તો દ્વારા કરવામાં આવેલી થોડી પણ સેવાનું અનેકગણું ફળ આપે છે. આથી જ કોઈ પણ જાતની સેવા કર્યા પછી પણ પ્રભુ પાસે કશું માંગવું નહિ. જેને એવું લાગે છે કે ભગવાને મને ઓછું આપ્યું છે તે સંસારની પાછળ પડે છે અને જેને એવું લાગે છે કે મારી લાયકાતથી વધુ મને મળ્યું છે તે જ ભગવાનની ભક્તિ કરી શકે છે.

આના માટે પોતાના સ્વરૂપને સમજવું પણ ખૂબ જ જરૂરી છે. જે પોતાના સ્વરૂપને બરાબર સમજે છે, જે અંદરબહાર સર્વત્ર ભગવાનના દર્શન કરે છે, તેને કંઈ પણ માંગવાની ઈચ્છા થતી નથી તેમ જ તેને કોઈ ભય પણ લાગતો નથી. આમ છતાં પણ જો કોઈ ભય રહે તો તેણે સમજી જવું જોઈએ કે તેની ભક્તિ કાચી છે. તેણે સર્વત્ર ભગવાનની હાજરી અનુભવી નથી. શ્રીમદ ભાગવત ગીતામાં પણ કહ્યું સ્વરૂપમાં સંકળાયેલી તેમની શક્તિ (યોગમાયા) અથવા જે મૂળપ્રકૃતિ કહેવાય છે તે સૃષ્ટિની રચના પહેલાં પણ હંમેશાં તેમની સાથે જ અસ્તિત્વ ધરાવે છે અને આથી જ ‘નારાયણ’થી ‘કારણોદકશાયી વિષ્ણુ’ સુધી, કારણોદકશાયી વિષ્ણુથી ‘ગર્ભોદકશાયી વિષ્ણુ’ સુધી, ગર્ભોદકશાયી વિષ્ણુથી ‘ક્ષીરોદકશાયી વિષ્ણુ’ સુધી અને ક્ષીરોદકશાયી વિષ્ણુથી દરેકના હૃદયમાં ‘પરમાત્માના અંશ’ તરીકેનો વિસ્તાર તે તેમની આ શક્તિની અભિવ્યક્તિઓ છે.

ગીતાજીમાં પણ કહ્યું છે કે, ‘પરમાત્મા સ્વયં આંશિકરૂપે આ ભૌતિક જગતમાં પ્રવેશ્યા છે અને દરેકના હૃદયમાં અભિવ્યક્ત છે’.આ અભિવ્યક્તિનું સંચાલન ભૌતિકશક્તિ (અથવા સગુણ પ્રકૃતિ) દ્વારા થતું નથી પરંતુ મૂળમાં ઉભય સ્વરૂપમાં રહેલી ‘નિર્ગુણ પ્રકૃતિ’ અથવા તો શ્રીભગવાને જેનો ‘યોગમાયા’ તરીકે ઉલ્લેખ કર્યો છે, તેના દ્વારા થાય છે માટે તે શાશ્વત છે. ભૌતિકશક્તિ માત્ર સેવકરૂપે તેને સોંપેલું કાર્ય જ કરે છે અને માટે જ આ અકલ્પનીય શક્તિનો સ્વીકાર કર્યા વગર, પદાર્થો અને વસ્તુઓ જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં તેની વ્યાખ્યા કરી શકાતી નથી. (ક્રમશઃ)